જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૩૧/૦૫/૨૦૨૬ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૭૫૮/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૨ કેસ કરી, ૨૨ વ્યક્તિઓને ઝડપી, ૯૬ લીટર દેશી દારૂ, ૪૪૨૯ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૮૨૬૩ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૦૪ બિયર ટીન, ૦૨ સ્કુટર, ૦૧ કાર અને ૦૧ કન્ટેનર કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૭૫૯/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૮૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૭૬૦/૨૦૨૬**

ઈસનપુરઃ અમરતભાઈ રતનાજી પ્રજાપતિ (ઉ.વ.૪૫) (રહે. દ્વારકેશ એપાર્ટમેન્ટ ઈશ્વરનગર સોસાયટી સામે ઈસનપુર) એ તા.૩૦/૦૫/૨૦૨૬ ના રોજ ઈસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૭/૦૪/૨૦૨૬ થી તા.૧૦/૦૪/૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન અજાણી વ્યક્તિએ અમરતભાઈ પ્રજાપતિ નો મોબાઈલ ફોન હેક કરી ઓનલાઈન માધ્યમથી તેમના બેંક ઓફ બરોડાના ખાતામાંથી રૂપિયા ૯૯,૫૦૩/– ટ્રાન્સફર કરી લઈ અમરતભાઈ પ્રજાપતિ સાથે છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી બી.એસ.જાડેજા ચલાવે છે.

કારંજઃ સુનીલભાઈ રામસિંગભાઈ રાજપુત (ઉ.વ.૬૫)(રહે.દિવાનજીનો વાડો, વીકટોરીયા ગાર્ડન, વસંત ચોક, કારંજ) એ તા.૩૦/૦૫/૨૦૨૬ ના રોજ કારંજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૯/૦૫/૨૦૨૬ સાંજના ૪/૦૦ થી ૬/૦૦ વાગ્યા દરમ્યાન લાલ દરવાજા વસંતચોક ખાતે આવેલ પોતાની “ગાયત્રી પ્રોવીઝન સ્ટોર્સ” નામની દુકાન ખાતે મોબાઇલ ફોન નંબર ૮૨૭૧૯૩૨૯૧૩ ના ધારકએ બીગ બાસ્કેટ ના પ્રતિનિધિ તરીકેની પોતાની ખોટી ઓળખાણ આપી, રૂપિયા ૨૬૮ માં જુદી–જુદી પાંચ વસ્તુઓ ખરીદવાની લોભામણી જાહેરાત જોઇ સુનીલભાઇ રાજપુતએ વસ્તુની ખરીદી કરવા માટે ઓર્ડર નોંધાવતા ક્રેડીટ કાર્ડ દ્વારા ખરીદીની કાર્યવાહી કરવા સારૂ અજાણ્યા મોબાઇલ નંબરના ૮૨૭૧૯૩૨૯૧૩ ના ધારકએ ઓટીપી નંબર માંગી સુનીલભાઇ રાજપુતના ક્રેડીટ કાર્ડની માહિતી મેળવી લઇ તેમના એસ.બી.આઇ. બેંક મેઇન બ્રાન્ચ લાલ દરવાજાના ક્રેડીટ કાર્ડમાંથી કુલ રૂપિયા ૩૯,૮૯૯/– ઓન લાઇન માધ્યમથી મેળવી લઇ સુનીલભાઇ રાજપુત સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી.એસ.વાઘેલા ચલાવે છે.

એરપોર્ટઃ સાહીલ ઘનશ્યામભાઇ ક્રિષ્નાણી (ઉ.વ.૨૬)(રહે.કર્ણાવતી કલાસીક રેસીડેન્સી, હોટલ ઉમેદની પાછળ, હાંસોલ, સરદારનગર) એ એરપોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૯/૦૩/૨૦૨૬ રાતના ૧૧/૪૫ થી તા.૦૨/૦૪/૨૦૨૬ બપોરના ૧૨/૩૦ વાગ્યા દરમ્યાન કોઇ અજાણી વ્યકિતએ સાહીલભાઇના પિતાનો મોબાઇલ ફોન હેક કરી, તેમના બેંક ખાતામાંથી અલગ–અલગ UPI ટ્રાન્ઝેકશન થી કુલ રૂપિયા ૬૦,૦૦૦/– ટ્રાન્સફર કરી લઇ છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી ડી.એસ.પટેલ ચલાવે છે.

બળજબરીથી દાગીના લઇ નાસી ગયાઃ– **સમાચાર ચાદી નં.૭૬૧/૨૦૨૬**

ખોખરાઃ વસ્ત્રાલ વિસ્તારમાં રહેતી મહીલાએ તા.૩૦/૦૫/૨૦૨૬ ના રોજ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા ૨૪/૦૫/૨૦૨૬ સવારના ૭/૧૫ વાગ્યાના સુમારે હાટકેશ્વર સ્મશાન પાસે રોડ ઉપર રીક્ષા ચાલક તથા બીજા ત્રણ અજાણ્યા પુરૂષએ ભેગામળી મહીલાએ પહેરેલ ઘરેણા કુલ કિમત રૂપિયા ૪,૧૦,૦૦૦/– મતાના મહીલાને જાનની મારી નાખવાની ધમકી આપી લાફો મારી મહીલાને રીક્ષામાંથી ઉતારી દઇ ઘરેણા લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એ.ઝાલા ચલાવે છે.

ચોરીઃ– **સમાચાર ચાદી નં.૭૬૨/૨૦૨૬**

કાલુપુરઃ ભાવેશભાઇ રસિકભાઈ પટેલ (ઉ.વ.૪૩)(રહે. એરીસ હાઈટ્સ, એમ.જી.રોડ નિકોલ) એ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૯/૦૫/૨૦૨૬ બપોરના ૧/૪૫ થી ૨/૧૫ વાગ્યા દરમ્યાન સોનાના ઘરેણા કિમત રૂપિયા ૯,૬૧,૫૨૫/– મતાના રીપેરિંગ કામ અર્થે પ્લાસ્ટીકના બોક્ષમા મુકી તે બોક્ષ એક કાળા રંગની બેગમાં મુકી માણેકચોક જવા સારૂ નિકળેલ હતા ત્યારે રસ્તામાં રતનપોળ શેઠની પોળ ખાતે રહેતા ભાવેશભાઇ પટેલના મિત્ર રણજીતભાઈ સલાકર નાઓને ઓફીસે મળવા ગયા હતા ત્યારબાદ શેઠની પોળ થી ચાલતાં ચાલતાં માણેક ચોક તરફ નિકળેલ અને માણેકચોક પહોચતા એક અજાણ્યા માણસે જણાવેલ કે "તમારા કાળા રંગના બેગની ચેન ખુલ્લી છે" જે બેગ ખોલી જોતા સોનાના ઘરેણા મુકેલ પ્લાસ્ટીકનુ બોક્ષ જણાઈ આવેલ નહી. જે સોનાના દાગીના કિમત રૂપિયા ૯,૬૧,૫૨૫/– મતાના મુકેલ પ્લાસ્ટીકનુ બોક્ષ કોઇ અજાણી વ્યક્તિ ભાવેશભાઇની નજર ચુકવી ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ શ્રી આર.એમ.કુશવાહા ચલાવે છે.

અપમૃત્યુઃ– **સમાચાર ચાદી નં.૭૬૩/૨૦૨૬**

નારોલઃ નારોલ પીરાણા ગ્યાસપુર જિંદાલ સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ પાસે એલ એન્ડ ટી કંપની લેબર કોલોની ખાતે રહેતા કમલકુમાર રામચંદ્ર રાય (ઉ.વ.૩૩) (મુળ વતન. ગામ–પરસૌનીયા પોસ્ટ–અંજના કોર્ટ માધોપુર મોતીપુર જીલ્લો– મુજજફરપુર બિહાર) નાઓ તા.૩૦/૦૫/૨૦૨૬ કલાક ૦૮/૪૫ વાગ્યાના સુમારે નોકરીના સ્થળ એલ એન્ડ ટી કંપનીમાં TSPS વિભાગમાં કામ કરતા હતા ત્યારે ક્રેન પરથી સ્ટીલનો રોડ તેમના માથા ઉપર પડતાં ગંભીર ઈજાઓ થતાં સારવાર માટે તેમને જીવરાજ મહેતા હોસ્પિટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉશ્રી એ મૃત જાહેર કર્યા હતા. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.પી.રાણા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી